સંક્ષિપ્ત સમાચાર

નાનુભાઈ એજ્યુકેશનલ ફાઉન્ડેશનનો સાઇનિંગ ડે અને ચેક વિતરણ સમારોહ યોજાયો

કડોદ: નાનુભાઈ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ચેરિટેબલ એન્ડ વેલફેર ટ્રસ્ટનો સાઇનિંગ ડે અને ચેક વિતરણ સમારોહ, સુરત ભાજપના ડોક્ટર સેલના પ્રમુખ ડો.વિરેન્દ્રસિંહ મહિડાના અધ્યક્ષ સ્થાને બારડોલીની રાજપૂત સમાજની વાડીમાં યોજાયો હતો. આ સમારંભમાં ભરતસિંહ સોલંકી, અમરસિંહ સોલંકી, નીલકંઠભાઇ રાઠોડ, પીયૂષભાઈ પટેલ, પ્રતાપસિંહ દેસાઈ, નલીનભાઈ જોષી, ભગીરથભાઈ દેસાઈ, રમેશભાઈ નાયક, નીતિનભાઈ પટેલ, રાહુલભાઈ નાયક, દિનેશસિંહ ચૌહાણ, રણજીતસિંહ તરસાડિયા, સિધ્ધરાજસિંહ મહિડા, જયદીપસિંહ મહિડા, અલ્પાબેન, સ્મિતાબેન, હેમલતાબેન, ફાલ્ગુનીબેન, સંસ્થાના પ્રમુખ વિક્રમસિંહ અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ટ્રસ્ટ ગરીબ હોંશિયાર વિદ્યાર્થિનીઓને કોલેજમાં થતા શૈક્ષણિક ખર્ચ, હોસ્ટેલમાં રહેવા અને જમવાના ખર્ચ સહિત કુલ ખર્ચના ૯૦ ટકા રકમ અથવા વાર્ષિક ત્રીસ હજાર રૂપિયા ચેક દ્વારા આપે છે. તમામ જાતિ અને ધર્મની દીકરીઓને તેઓ સ્નાતક થાય ત્યાં સુધી દર વર્ષે ચેક આપે છે. વર્ષ-2025માં એક કરોડ પાંચ લાખ રૂપિયાના ચેક દીકરીઓને આપવામાં આવ્યા હતા. આ વર્ષે સુરત અને તાપી જિલ્લાની 83 નવી લેવાયેલી દીકરીઓને સર્ટિફિકેટ અને 67 સ્કોલર્સને ચેક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે માનવંતા દિનકરભાઈ નાયકનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવાયો હતો. આભાર વિધિ ટ્રસ્ટી ડો.ભાવિકાબેન શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ટ્રસ્ટી અને ટ્રેઝરર નિમિતાબેન પટેલે કર્યું હતું.

કપુરામાં હત્યાના ગુનામાં આરોપીની ધરપકડ

વ્યારા: વ્યારાના કપુરા ગામમાં ગત શનિવારે મહા શક્તિ શોપિંગ સેન્ટર પાસે બે પાડોશી વચ્ચે નજીવી બાબતે ઉગ્ર બબાલ થઈ હતી. ઝઘડા દરમિયાન મહેન્દ્ર અરવિંદ ચૌધરીએ આવેશમાં આવી પાડોશી હસમુખ દેવશી ચૌધરી પર તીક્ષ્ણ હથિયારથી માથાના ભાગે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા 37 વર્ષીય હસમુખનું વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટનામાં ઈજાગ્રસ્ત આરોપી મહેન્દ્રને સુરત ખસેડાયો હતો. વ્યારા પોલીસે મૃતકની પત્નીની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

ભરૂચમાં આદિવાસી વિદ્યાર્થીઓને પાછલા વર્ષની શિષ્યવૃત્તિ હજુ મળી નથી

ભરૂચ: આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિ સમયસર ન મળતાં ભરૂચ જિલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓમાં ભારે રોષ પ્રગટી રહ્યો છે. પાછલા શૈક્ષણિક વર્ષની શિષ્યવૃત્તિની રકમ હજુ સુધી બેંક ખાતામાં જમા ન થતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભરૂચ સ્થિત આદિજાતિ વિકાસ કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી.વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને ચારથી પાંચ મહિનાનો સમય વીતી ગયો છે, છતાં પાછલા વર્ષની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી નથી. સેલ્ફ-ફાઇનાન્સ કોલેજો દ્વારા ફી ભરવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે, જે આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ગંભીર સમસ્યા બની છે.

નિઝરમાં સંત ગુલામબાબા મહારાજની ડીંડી પદયાત્રા માટે બંદોબસ્તની માંગ

કુકરમુંડા: નિઝર તાલુકામાં આઝાદી પૂર્વેથી ચાલી આવતી સંત ગુલામબાબા મહારાજ અને સંત રામદાસ મહારાજની ડીંડી પદયાત્રા આ વર્ષે પણ શ્રાવણ માસ દરમિયાન યોજાનાર છે. પદયાત્રાના આયોજનને લઈ યાત્રિકોની સુરક્ષા તેમજ ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે એ માટે મામલતદાર, નિઝર સમક્ષ પોલીસ બંદોબસ્તની માંગ કરવામાં આવી છે. આ ડીંડી યાત્રા આઝાદી પહેલાં વર્ષ-૧૯૩૭થી ચાલી આવેલ છે. સંત ગુલામબાબા મહારાજ અને સંત રામદાસ મહારાજ દ્વારા સમાજ પ્રબોધન, વ્યસનમુક્તિ અને આરતી-ભજનના માધ્યમથી સમાજમાં જનજાગૃતિ લાવવાના હેતુથી શરૂ થયેલી આ પરંપરા આજે પણ શ્રદ્ધા અને આસ્થાપૂર્વક જળવાઈ રહી છે. આ વર્ષે તા. ૬ સપ્ટેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ ડીંડી પદયાત્રાનું રાત્રિ રોકાણ નિઝર તાલુકાના વાકા-સજીપુર ગામના પટાંગણમાં રાખવામાં આવ્યું છે. ત્યારબાદ તા. ૭ સપ્ટેમ્બર, સોમવારના રોજ સજીપુર-વાકા ગામથી હથોડા પુલ ખાતે આવેલા ગુલામબાબા સેતુ સુધી પદયાત્રા યોજાશે.

UPL યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક સત્ર યોજાયું

ભરૂચ: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે ઓક્સફર્ડ યુનિવર્સિટીના તજ્ઞો ડો.સિદ્ધાર્થ અરોરા અને પાર્થ ગોયલ દ્વારા AI: વલણો, તકો અને પડકારો તથા ઊર્જા પ્રણાલીઓ અને મોડેલિંગ ઉપર B.E. અને B.Sc.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે બે દિવસ શૈક્ષણિક સત્ર યોજાયું હતું. આ સત્રમાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઝડપથી વિકસતા પરિદૃશ્યથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. આ શૈક્ષણિક પહેલ UPL યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાન, આંતરશાખાકીય શિક્ષણ અને વૈશ્વિક સ્તરે થઈ રહેલા ટેક્નોલોજીકલ વિકાસ સાથે વિદ્યાર્થીઓને જોડવાની પ્રતિબદ્ધતા મળશે.

અંકલેશ્વર નેશનલ હાઇવે પર અકસ્માતોને લઈ એક્શન પ્લાન તૈયાર કરાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે-48 પર અકસ્માતોની વધતી ઘટનાઓને પગલે પોલીસ, આર.ટી.ઓ. અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અકસ્માતોનાં કારણો શોધી તેના કાયમી નિવારણ માટે ત્રણેય વિભાગના અધિકારીઓએ હાઈવે પરના સંવેદનશીલ સ્થળોની મુલાકાત લીધી હતી. આ અંતર્ગત અધિકારીઓએ નવજીવન હોટલના કટ પાસે સ્થળ મુલાકાત લઈ હાઈવેની સ્થિતિ, વાહનવ્યવહાર, કટ, માર્ગ વ્યવસ્થા સહિતના વિવિધ પાસાંનું નિરીક્ષણ કર્યું હતું. અંકલેશ્વર રૂરલ, બી ડિવિઝન તેમજ પાનોલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા NH-48ના પટ્ટામાં ગંભીર અકસ્માતોનું પ્રમાણ વધતા અકસ્માત નિવારણ માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મુકાયો હતો.

લુવારામાં એક મહિનાથી પાણી ઊતર્યા નથી

૫૦૦ એકર ફળદ્રુપ જમીન તળાવ બની ગઈ

વાગરા તાલુકાના લુવારાના ખેડૂતોની ફરિયાદ

ભરૂચ : ભરૂચ જિલ્લાના વાગરા લુવારા ગામે ખેડૂતો માટે આ સિઝન સંઘર્ષમય બની છે. વરસાદી પાણીના નિકાલ ન થતાં ૫૦૦ એકરથી વધુ ફળદ્રુપ જમીનમાં તળાવ સર્જાયું છે. આશરે એક મહિના પહેલાં ભલે અધિકારીઓએ મુલાકાત લઈ કાર્યવાહીની ખાતરી આપી હતી, પરંતુ આજે પણ સમસ્યા યથાવત છે.

સ્થાનિક ખેડૂત ઈમરાન પટેલે જણાવ્યું કે, કવિઠા, ઓસારા અને હલદરવા સહિતના આસપાસના ગામોનું વરસાદી પાણી લુવારાની સીમમાં ભેગું થાય છે. અગાઉ ગુરુદ્વારાથી લુવારા નાળા સુધી પાણીના કુદરતી નિકાલ માટે ગટર વ્યવસ્થા હતી. જોકે, હાઇવે પર નવા બ્રિજની કામગીરી દરમિયાન જૂની ગટર પુરાઈ દેવાઈ.ખેડૂતોનો આરોપ છે કે હાઇવે ઓથોરિટીએ ખેતરોના લેવલ કરતાં વગર આયોજને આશરે ત્રણ ફૂટ ઊંચી નવી ગટર બનાવી છે, જેના કારણે ખેતરોમાંથી પાણીનો નિકાલ સંપૂર્ણપણે થંભી ગયો છે. પાણી ખેતરોમાં ભરાઈ રહેતાં ખેડૂતો આ સિઝનમાં વાવણી સુદ્ધાં કરી શક્યા નથી.

આશરે એક મહિના પહેલાં SDM, મામલતદાર અને ભાજપના આગેવાનોએ સ્થળ મુલાકાત લઈ ૧૦ દિવસમાં કાયમી ગટર વ્યવસ્થા કરવાની ખાતરી આપી હતી. પરંતુ ૩૦ દિવસથી વધુ સમય પસાર થવા છતાં કોઈ કામગીરી ન થતાં ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો છે.ખેડૂતોનું કહેવું છે કે જો તાત્કાલિક પાણીનો નિકાલ ન કરવામાં આવ્યો, તો આગામી મહિનાઓમાં ખેતરોમાં પ્રવેશ મુશ્કેલ બની જશે અને બે સિઝનના પાકથી વંચિત રહેવું પડી શકે છે, જે ભારે આર્થિક નુકસાનનું કારણ બનશે.ખેડૂતોએ હાઇવે ઓથોરિટી અને વહીવટી તંત્ર સમક્ષ તાત્કાલિક જૂની ગટર ઊંડી કરી ખુલ્લી કરવા અને કાયમી નિકાલ વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

પાણી ભરાવાનાં કારણો

કુદરતી નિકાલ બંધ થવો : આસપાસના કવિઠા, ઓસારા અને હલદરવા જેવા ગામોનું વરસાદી પાણી વહીને લુવારા ગામની સીમમાં એકઠું થાય છે. અગાઉ અહીં ગુરુદ્વારાથી લુવારા નાળા સુધી પાણીના નિકાલ માટે કુદરતી ગટર વ્યવસ્થા હતી, જે હાઇવેની કામગીરીમાં પુરાઈ ગઈ છે.

નવી ગટરની ખોટી ઊંચાઈ: હાઇવે ઓથોરિટી દ્વારા જે નવી ગટર બનાવવામાં આવી છે, તે ખેતરોના લેવલ કરતાં આશરે ત્રણ ફૂટ ઊંચી બનાવવામાં આવી છે. આ ઊંચાઈના કારણે ખેતરોનું પાણી ગટરમાં જઈ શકતું નથી અને નિકાલ અટકી ગયો છે.

તંત્રની ઉદાસીનતા: સ્થાનિક વહીવટી તંત્ર (SDM અને મામલતદાર) દ્વારા સ્થળ મુલાકાત લઈને ગટર ખોદવાની ખાતરી આપવામાં આવી હોવા છતાં, લાંબા સમય સુધી કોઈ કાયમી નિકાલ કરવામાં આવ્યો

કારેલી ગામથી ૧૮ વર્ષીય યુવાન લાપતા

પલસાણા: પલસાણાના કારેલી ગામમાં કેજરીવાલ મિલની સામે આવેલી આરાધના સ્કાયપાર્ક સોસાયટી (વિભાગ-૧)ના મકાન નં.૧૧૮માં રહેતા અને નોકરી કરી ગુજરાન ચલાવતા રાહુલભાઈ વિજયબહાદુર યાદવે પલસાણા પોલીસમાં આ અંગે જાણ કરી છે. ગત તા.૨૫ ઓગસ્ટના રોજ બપોરે ૪ વાગ્યા પહેલાં કોઈપણ સમયે તેમના મામાનો દીકરો આશિષકુમાર સંજયભાઈ યાદવ (ઉ.વ.૧૮) ઘરેથી અચાનક ક્યાંક ચાલ્યો ગયો હતો. પરિવાર દ્વારા સગા સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં તેની ભારે શોધખોળ કરવા છતાં આજદિન સુધી તેનો કોઈ જ પત્તો લાગ્યો નથી. પરિવારજનોની અંતિમ શોધખોળ બાદ પણ તે ન મળી આવતાં આખરે તા.૩૦ ઓગસ્ટે પલસાણા પોલીસ મથકમાં ગુમ જાણવાજોગ દાખલ કરવામાં આવી છે.

ઉચ્છલ-નિઝરમાં વરસાદ ખેંચાતાં ખેડૂતો પાક બચાવવા મરણિયા

ખેતીવાડી માટેની વીજળી ૮ કલાકથી વધારી ૧૦ કલાક કરવા ખેડૂતોની માંગ

મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત

વ્યારા: ઉચ્છલ અને નિઝર તાલુકામાં ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન ચોમાસાની સિઝનમાં સામાન્ય સમય કરતાં આશરે એકથી બે મહિના મોડો શરૂ થવાના કારણે તેમજ આ વિસ્તારમાં નહીંવત્ માત્રામાં વરસાદ પડતાં ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. વરસાદ ખેંચાતાં ખેડૂતોના મુખ્ય ખરીફ પાક ગણાતી ડાંગરની રોપણી પણ મોડી થઈ હતી. જેમ તેમ કરીને ડાંગરની રોપણી પૂર્ણ થયા બાદ પાકને પૂરતા પ્રમાણમાં પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. ત્યારે વરસાદ ખેંચાતા ખેડૂતોને ડાંગરનો પાક નિષ્ફળ જવાની ભીતિ સતાવી રહી છે. ખેડૂતોને પાક બચાવવા માટે સિંચાઈના વીજ પમ્પ પર આધાર રાખવાની ફરજ પડી રહી છે. હાલ ખેડૂતોને ૮ કલાક વીજળી આપવામાં આવી રહી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં પાકની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે આ ૮ કલાકની વીજળી અપૂરતી સાબિત થઈ રહી છે. જેને કારણે સમયસર પૂરતું પાણી નહીં મળે તો ડાંગર સહિતના ખરીફ પાકને ભારે નુકસાન થવાની અને ખેડૂતોને મોટી આર્થિક પાયમાલી ભોગવવી પડે તેવી શક્યતા ઊભી થઈ છે. ત્યારે ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર આપી પૂરતો વીજ પુરવઠો આપવા માટે માંગ કરવામાં આવી છે, જેમાં DGVCL ઉચ્છલના સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના અને ભલામણ કરી ખેડૂતોને આપવામાં આવતી ખેતીવાડી વીજળીનો સમય ૮ કલાકથી વધારીને ઓછામાં ઓછો ૧૦ કલાક કરવામાં આવે એ માટે વિનંતી કરવામાં આવી છે.

અમરતપુરા ગામ પાસે બ્રિજ નીચેથી અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના અમરતપુરા ગામ પાસે બ્રિજ નીચે લાશ તરતી હોવાની જાણ થતાં જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બ્રિજ પર ટોળાં ઊમટી પડ્યાં હતાં. ઘટના અંગે સ્થાનિકો દ્વારા તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસે સ્થળ નિરીક્ષણ કરી મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને તેને પંચનામું કર્યા બાદ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતક કોણ હતો અને તેનું મોત કયાં કારણોસર થયું છે, તે અંગે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પલસાણામાં રૂ.4 લાખના દારૂ અને ટેમ્પો સાથે એક બુટલેગર ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે પલસાણા નજીક મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે-૪૮ પર હિમાલય હોટલ સામેથી એક ટાટા એસીઈ ટેમ્પો નં.(GJ-05-CU-8179)માંથી રૂ.૪,૦૭,૨૩૨ ની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.

નાઈટ પેટ્રોલિંગ દરમિયાન દમણ તરફથી દારૂ ભરીને સુરત જઈ રહેલા ટેમ્પો અંગે બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. ટેમ્પોની તપાસ કરતાં વ્હીસ્કી અને બિયરની ૨૫૯૨ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ, ટેમ્પો અને મોબાઈલ મળી કુલ રૂ.૯,૧૭,૨૩૨નો મુદ્દામાલ જપ્ત કરી ટેમ્પો ચાલક કૃણાલભાઈ વિષ્ણુભાઈ ખત્રી (રહે.,પુણા ગામ, સુરત)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ઉધનાના પ્રેમાદાસ મારવાડી નામના ઈસમે રૂ.૩૦૦૦ની લાલચ આપી નવસારી પાસેથી દારૂ ભરાવી આપ્યો હતો. પોલીસે પ્રેમાદાસને વોન્ટેડ જાહેર કરી પલસાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કુકરમુંડામાં દારૂનું વેચાણ બંધ કરાવવા આવેદનપત્ર

અનેક પરિવારો આર્થિક અને માનસિક રીતે મુશ્કેલીમાં મુકાતાં દારૂબંધીનો કડક અમલ કરવા માંગ

કુકરમુંડા: કુકરમુંડામાં દારૂના ગેરકાયદે વેચાણ અને ઉત્પાદન સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે સામાજિક આગેવાન અભિષેકભાઈ કે.પાડવી અને આદિવાસી સમાજે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં કુકરમુંડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં દારૂનું ગેરકાયદે વેચાણ અને ઉત્પાદન થતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના કારણે અનેક પરિવારો આર્થિક અને માનસિક રીતે મુશ્કેલીમાં મુકાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

કુકરમુંડા તાલુકામાં દારૂની લતને કારણે અનેક પરિવારોમાં પિતા, ભાઈ કે દીકરા વ્યસનનો ભોગ બની રહ્યા છે અને તેની સીધી અસર પરિવારના જીવન તેમજ બાળકોનાં ભવિષ્ય પર પડી રહી છે. આથી કુકરમુંડા તાલુકામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવા માંગ ઊઠી છે.

આંબોલીમાં પુલ પર બાઈક મૂકી યુવકે તાપી નદીમાં ઝંપલાવ્યું

ધોરણ પારડીના આર્યન ગજ્જરે બાઈક પર નીકળ્યા બાદ ભાઈને મેસેજ કરી સ્યુસાઈડ કર્યું

કામરેજ: ધોરણ પારડી ગામના યુવાનો રવિવારના રાત્રિના ખાવા જાઉ છું કહીને આંબોલી તાપી નદીના પુલ પરથી મેસેજ કરી સ્યુસાઈડ કરું છું તેમ કહી નદી પરથી ઝંપલાવ્યું હતું. પુલ પરથી બાઈક, ચપ્પલ અને બાઈકની ચાવી પણ પોલીસને મળી આવી હતી.

કામરેજના ધોરણ પારડી ગામે રાજપૂત ફળિયામાં રાજેન્દ્રકુમાર શાંતિલાલ ગજ્જર પરિવાર સાથે રહે છે. રવિવારે રાત્રે બંને પુત્ર વિવેક અને આર્યન (ઉં.વ.21) જમીને રાત્રિના 10.30 કલાકે વિવેકને નાનાભાઈ આર્યન ટીવી જોતા હતા ત્યારે આર્યનને મોટાભાઈ વિવેકને ભૂખ લાગી છે, વિજય પેટ્રોલ પંપ પાસે ખાવા માટે જાઉં છું કહી હિરો સ્પ્લેન્ડર બાઈક નં.(જીજે 05 પીટી 9261) લઈને નીકળ્યો હતો. થોડીવારમાં આર્યને મોટાભાઈને મેસેજ કરીને જણાવ્યું કે, તાપી નદીના પુલ પરથી હું સ્યુસાઈડ કરું છું. જે વાત વિવેકે પિતાને કરતાં તુરંત જ અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.48 પર આંબોલી ગામની હદમાંથી આર્યનની બાઈક, ચપ્પલ અને બાઈકની ચાવી બિનવારસી હાલતમાં મળી આવી હતી. આથી કામરેજ પોલીસ મથકમાં પુત્રના ગુમ થયા અંગેની જાહેરાત આપી હતી. સોમવારના રોજ સ્થાનિક તરવૈયા તેમજ ફાયર વિભાગ દ્વારા આર્યનની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ મોડી સાંજ સુધી કોઈ જ ભાળ મળી ન હતી.

ઝઘડિયામાં કોન્ટ્રાક્ટરના અપહરણની ઘટનામાં એકની ધરપકડ

ભરૂચ: ભરૂચના ઝઘડિયા GIDCમાં સ્ટીમ પાઈપ પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટર વિનય યાદવનું દિનદહાડે થાર ગાડીમાં અપહરણ કરી ૨૫ લાખની ખંડણી માંગવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અપહરણકર્તાઓએ રસ્તામાં UPIથી નાસ્તાનું પેમેન્ટ કરાવ્યું હતું, જે ડિજિટલ પુરાવો પોલીસ તપાસમાં મહત્ત્વનો સાબિત થયો છે. પોલીસે આ કેસમાં ભાજપના અનુસૂચિત જનજાતિ સેલના રાજ્ય મંત્રીના પુત્ર મેથ્યુસ વસાવા સહિત ૩ આરોપીની ધરપકડ કરી છે. ઘટનાનો મુખ્ય સૂત્રધાર જયમીન પટેલ ફરાર છે, જેના ભાજપના નેતાઓ સાથેના ફોટા વાઈરલ થતાં રાજકારણ ગરમાયું છે. ઝઘડિયા પોલીસે અપહરણ અને ખંડણીનો ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા સ્પેશિયલ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

મોટા બોરસરા GIDCમાં રિક્ષા ચોરાતાં ફરિયાદ

હથોડા: મોટા બોરસરા GIDCમાં કંપનીના ગેટ પાસેથી પાર્ક રિક્ષા ચોરાઈ જવાનો બનાવ સામે આવ્યો છે. સુરતના સારોલી ખાતે રહેતા રજનેશ શ્રીપાલ ગૌતમ (ઉં.વ.૩૨) પોતાની GJ-05-DT-7427 નંબરની રિક્ષા લઈને મોટા બોરસરા ખાતે આવેલી એસ.આર. કંપની પરિસરમાં કલરકામની મજૂરી માટે આવ્યા હતા. તેમણે પોતાની રિક્ષા કંપની ગેટ બહાર પાર્ક કરી હતી. દિવસ દરમિયાન કામ પતાવી તેઓ નજીકમાં રહેતા કાકાના પુત્રના રૂમે સૂવા માટે ગયા હતા. દરમિયાન રાત્રિના સમયે કોઈ અજાણ્યો ચોર રિક્ષા હંકારી ગયો હતો. સવારે આસપાસના વિસ્તારમાં ભારે શોધખોળ કરવા છતાં રિક્ષા ન મળી આવતાં આખરે પાલોદ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

અંકલેશ્વર GIDCમાં હિટ એન્ડ રન: કાર અડફેટે શ્રમિકનું મોત

CCTVના આધારે કારની ઓળખ થઈ

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC વિસ્તારમાં હિટ એન્ડ રનની ગંભીર ઘટના સામે આવી છે. GIDCમાં અભિલાષા કંપની સામે ચાના ગલ્લા પાસે રહેતા અને છૂટક મજૂરી કામ કરતા ૫૫ વર્ષીય વિજયભાઈ મનસુખભાઈ તડવીને અજાણ્યા કારચાલકે અડફેટે લેતાં તેમનું મોત નીપજ્યું હતું.

વિજયભાઈ તડવી તા.૨૯ ઓગસ્ટની રાત્રે આશરે સવા આઠ વાગ્યાના અરસામાં GIDCની જે.પી. ચોકડી તરફથી રસીલાબેનના ચાના ગલ્લા તરફ જઈ રહ્યા હતા. HMT ઓર્ગેનિક કંપનીના ગેટ નજીક તેઓ અચાનક પડી ગયા બાદ રોડની સાઈડમાં બેઠા હતા. દરમિયાન ગ્રે કલરની ફોર-વ્હીલ કારના ચાલકે પૂરઝડપે વાહન હંકારી લાવી વિજયભાઈને અડફેટે લીધા હતા. અકસ્મતમાં વિજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતાં એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી, પરંતુ ફરજ પરના તબીબે વિજયભાઈને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ મૃતકની પુત્રીને થતાં તેઓ પતિ સાથે અંકલેશ્વર પહોંચ્યા હતા. બાદ પોલીસ સાથે ઘટના સ્થળે જઈ સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. સીસીટીવીમાં અકસ્માતની ઘટના તેમજ ગ્રે રંગની કાર અંગે મહત્ત્વની કડી મળી હતી. અલગ-અલગ સ્થળોનાં CCTV ફૂટેજના આધારે કાર અંકલેશ્વર GIDCની તુલસીકુંજ સોસાયટી તરફ જતી હોવાનું જણાયું હતું. પોલીસે તપાસ દરમિયાન GJ-16-DS-6811 નંબરની ગ્રે રંગની કાર શોધી કાઢી હતી. કારની ડાબી બાજુનું પ્લાસ્ટિક તૂટેલું તેમજ ડાબી બાજુની લાઈટ નીચેના બમ્પર પર ઘસારા જેવાં નિશાન મળી આવ્યાં હતાં. CCTV ફૂટેજ અને વાહનની સ્થિતિના આધારે પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર હરાજી

માંડવી તાલુકાના જામણફુવા ગામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ આંગણવાડી-2 જર્જરીત સ્થિતિમાં હોવાથી તેનો ઉપયોગ કરવો હિતાવહ નથી. જેની અંદાજિત અપસેટ કિંમત રૂ.7000 /- નક્કી કરવામાં આવી છે. જે કોઈ રસ ધરાવતા ઈચ્છુક વ્યક્તિઓ હોય તેઓએ તા. 2-09-2026, બુધવારના રોજ સવારે 11:30 કલાકે પંચાયત કચેરીએ રૂબરૂ હાજર રહી હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

જામણફુવા ગ્રામ પંચાયત તા.માંડવી, જિ. સુરત | સરપંચ શ્રીમતિ વર્ષાબેન પ્રતાપભાઈ ચૌધરી

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૯૭/૨૦૨૬
તા.૦૮/૦૭/૨૦૨૬

વાદી :- રાકેશભાઈ શાંતિલાલ ચૌધરી, રહે.મોટીચેર, વસંત ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીની મોટીચેર ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાકેશભાઈ શાંતિલાલ ચૌધરી, રહે. મોટીચેર, વસંત ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૬૫૧એ તેઓના પોતે રાકેશભાઈ શાંતિલાલ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રાકેશભાઈ શાંતિલાલ ચૌધરી . ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૦ ૩. જન્મનું સ્થળ: મોજે.મોટીચેર, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રાકેશભાઈ શાંતિલાલ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:45pm, 06:15pm, 09:00pm, 10:00pm
Tom And Cherry-Gujarati
05:00pm
Hanuman Ansh
02:00pm, 05